જા.ન/પગાર/૨૦૨૪/ ૧૭૩૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૨૯/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ...

૨/- આ સાથે સામેલ પત્રનો આપાની કક્ષાએથી યોગ્ય અમલ કરવા સારું...

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિલ્લો-સુરત

અગત્યનું/ ખુબ જરૂરી/પરિપત્ર

ક્રમાંક : હ/હસબ/એન.પી.એસ/કપાત/ ૨૦૨૪/૧૩૬૬-૧૪૦૩

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમિક્ષા કેન્દ્ર સેકટર -૧૯
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૨૫/૦૬/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તમામ

વિષય: શૈક્ષણિક વર્ગના એન.પી.એસ. હેઠળના અધિકારીઓ/કર્મચારીઓની મુળ વય નિવૃતિ તારીખ બાદ એન.પી.એસ. ફાળાની કપાત ન કરવા બાબતે.

સંદર્ભ:- નાયબ નિયામકશ્રી એન.પી.એસ. પેન્શન અને પ્રો. ફંડ નિયામકની કચેરી ગુ. રા. ગાંધીનગર ના પત્ર ક્ર:-ડીપીપી/એન.પી.એસ/કંટ્રોલ/એન.પી.એસ. કપાત/૨૦૨૪/ ૪૯૭૪ તા. ૨૦/૦૬/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આ કચેરી અને તાબા હેઠળની જીલ્લાની કચેરીઓ અને જિલ્લા હસ્તકની શાળાઓમાં એન.પી.એસ હસ્તક ફરજો બજાવતા અધિકારીઓ/કર્મચારીઓને વય નિવૃતિ બાદ સત્રાંત ના સમયગાળા દરમ્યાન ચુકવાતાં પગાર ભથ્થાઓમાંથી એન.પી.એસ. ફાળાની કપાત કરવામાં આવે છે તેવું નિયામકશ્રી એન.પી.એસ. પેન્શન અને પ્રો. ફંડ નિયામકની કચેરી ગુ. રા. ગાંધીનગરની કચેરીના ધ્યાન પર આવેલ છે.જે બાબતે સંદર્ભ પત્રથી જરૂરી સૂચના આ કચેરીને મોકલી આપેલ છે.

સરકારશ્રીની નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત સત્રાંતના સમયગાળા દરમ્યાન એન.પી.એસ. ફાળાની કપાત કરવાની રહેતી નથી એન.પી.એસ. ફાળાની કપાત કરવાથી તે રકમ સામે સરકારશ્રીનો ફાળો (Matching Contribution) પણ ઉમેરાતો હોઇ સરકારશ્રીને આર્થિક બોજો પડે છે તેમજ આવી રકમમાં સરકારશ્રીનો ફાળો (Matching Contribution ) સરકારશ્રી કક્ષાએ પરત મેળવવાની પ્રક્રિયા કારણે કર્મચારી/ અધિકારીઓના ખાતામાં જમા રકમ અંગેના પરત ચુકવણામાં પણ વિલંબ થાય છે. આમ ઉકત સૂચનાઓનો તાત્કાલિક અમલ કરવા અને આપના તાબા હસ્તકની શાળાઓને પણ જરૂરી ચૂચના આપની કક્ષાએથી આપવા આપને અને સૂચનાઓની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- પે અને પ્રો.ફંડ ની કચેરીનો તા. ૨૦/૬/૨૦૨૪ નો પત્ર સામેલ છે.

હિસાબી અધિકારી (વર્ગ-૧)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા,ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

નાયબ નિયામકશ્રી ( એન.પી.એસ.) નિયામકશ્રી પે અને પ્રો.ફંડની કચેરી, જુના સચિવાલય બ્લોક નં- ૧૮ ગુ. રા. ગાંધીનગર

નાયબ શિક્ષણ નિયામક ( મહેકમ) આ કચેરી,

નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક ) આ કચેરી,

# પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી

| | | |
|---|---|---|
| G20 ONE EARTH • ONE FAMILY • ONE FUTURE | ગુ.રા, "વીમા અને લેખા ભવન", જુના સચિવાલય, બ્લોક નં. ૧૮, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર-૩૮૨૦૧૦. | નિયામકશ્રી : 079-23253213<br>હિ.અધિકારી : 079-23256516<br>NPSશાખા : 079-23256544 |
| ક્રમાંક : ડીપીપી/NPS-કંટ્રોલ/એન.પી.એસ.કપાત/૨૦૨૪/ ૫૧૭૫ | | તારીખ:૨૦ / ૦૬/૨૦૨૪ |

પ્રતિ,

કમિશ્નરશ્રી,

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,

ગાંધીનગર.

વિષય : શૈક્ષણિક વર્ગના એન.પી.એસ. હેઠળના કર્મચારીઓ / અધિકારીઓની મુળ વયનિવૃતિ તારીખ બાદ એન.પી.એસ. ફાળાની કપાત ન કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરીએ એન.પી.એસ.ની આખરી ઉપાડ માટે આવતી દરખાસ્તોની ચકાસણી કરતાં માલુમ પડેલ છે કે, શૈક્ષણિક વર્ગના કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃતિ બાદ સત્રાંતના સમયગાળા દરમ્યાન ચુકવાતાં પગાર ભથ્થાઓમાંથી એન.પી.એસ ફાળાની કપાત કરવામાં આવે છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે, સરકારશ્રીની નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત સત્રાંતના સમયગાળા દરમ્યાન એન.પી.એસ ફાળાની કપાત કરવાની રહેતી નથી. એન.પી.એસ.ના ફાળાની કપાત કરવાથી તે રકમ સામે સરકારશ્રીનો ફાળો (Matching Contribution) પણ ઉમેરાતો હોઈ સરકારશ્રીને આર્થિક બોજો પડે છે. તેમજ આવી રકમમાં સરકારશ્રીનો ફાળો (Matching Contribution) સરકારશ્રી કક્ષાએ પરત મેળવવાની પ્રક્રિયાને કારણે કર્મચારી/અધિકારીઓના ખાતામાં જમા રકમ અંગેના પરત ચૂકવણામાં પણ વિલંબ થાય છે.

આમ, નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ગના કર્મચારીઓ/અધિકારીઓની મુળ-વયનિવૃતિ બાદ એન.પી.એસ ફાળાની કપાત કરવી નહીં. જેથી એન.પી.એસ.ની આખરી ઉપાડ માટે અત્રેની કચેરી ખાતે આવતી દરખાસ્તોની ચૂકવણીમાં વિલંબ અટકાવી શકાય. ઉક્ત બાબતો ધ્યાને લઈ આપના તાબા હેઠળની તમામ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઓને જરૂરી સૂચના આપવા તેમજ તેના અમલ કરાવવા સારૂ કાર્યવાહી કરવા વિનંતિ છે.

NPS

આપનો વિશ્વાસુ

નાયબ નિયામક

(NPS)

નકલ રવાના :

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.................. (તમામ)તરફ જરૂરી જાણ તથા અમલવારી સારૂ.